## જન્મદિને વધામણી



મનન સાવનભાઈ મહેતા
મો. ૯૪૨૮૯ ૦૮૩૦૦



જગદીશચંદ્ર રણછોડલાલ મહેતા
સાધક, બ્રહ્માકુમારીઝ,
મો. ૯૬૩૮૮ ૩૭૫૦૨



આદિશ્વર જલેશ્વર વ્યાસ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રૂસ્તમ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
**સ્ક્રીન-૨**
મોહેંજો દરો
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૩**
રૂસ્તમ
૨.૧૫, ૮.૩૦
મોહેંજો દરો
૧૧.૧૫, ૫.૧૫
**સ્ક્રીન-૪**
મોહેંજો દરો
સવારે ૧૦.૦૦
ઢીશૂમ
૩.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
મોહેંજો દરો
૨.૩૦, ૮.૩૦
રૂસ્તમ
૧૧.૦૦, ૫.૩૦

### ગાંધીનગરની શાળા-મહાશાળાઓમાં

# આઝાદીનું પર્વ ઉલ્લાસથી ઉજવાયું









**એસએસવી કેમ્પસ**

સૅક્ટર-૩ ખાતે સ્થિત ઍસઍસવી કૅમ્પસ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે ગીત, સંગીત, નૃત્ય અને સંબોધનનો સુભગ સમન્વય કરવામાં આવ્યો હતો. અખિલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘના પ્રમુખ પૂજાજી ઠાકોર આ પ્રસંગે અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સંબોધન કર્યું હતું.

આ પ્રસંગે વિવિધ ક્ષેત્રોમાં સફળતાનાં શિખરો સર કરનાર વિદ્યાર્થીઓને ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને સૌ વિદ્યાર્થીઓને મીઠું મોઢું કરાવવામાં આવ્યું હતું. વાલીઓની મોટી હાજરી પણ નોંધપાત્ર રહી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાનાં આચાર્ય સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું.

**ચૈતન્ય શાળા**

ચૈતન્ય શાળા ખાતે સ્વતંત્રતા પર્વની ઉજવણીનું આયોજન પ્રિન્સિપાલ સ્વાતિ મત્તા, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારતીય કોસ્ટ ગાર્ડના નાયબ કમાન્ડન્ટ સાજિત શ્રીકુમારે ધ્વજ ફરકાવ્યો હતો. સ્કૂલના ચીફ ઑફ ઑપરેશન્સ ઍમ પી જૈન દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. ઍસવીઍનટીના ટ્રસ્ટી રવિ ગોપાલન દ્વારા ઍલિઝાબોન કોશી, નલિની સુબ્બારાવ અને સાજિત શ્રીકુમારની ઉપસ્થિતિમાં ચૈતન્ય ડાયજેસ્ટ વિવરણનું વિમોચન કરવામાં આવ્યું હતું. સમગ્ર શાળા તિરંગા બૅનર્સની પૃષ્ઠભૂમિથી સજાવવામાં આવી હતી.

**એસ જી સ્કૂલ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ દ્વારા ભગિની શાળાઓ સાથે મળીને ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફાર્મસી કૉલેજના આચાર્ય કલ્પ દેશપાંડે આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આર ઍન પ્રાથમિક શાળા અને ઍસ જી સ્કૂલનાં બાળકોએ દેશભક્તિ નૃત્ય રજૂ કર્યું હતું. કાર્યક્રમ દરમ્યાન ઍસ જી સ્કૂલ દ્વારા 'ઈઝી સ્કૂલ ઍપ' લૉન્ચ કરવામાં આવી હતી.

શાળાનાં આચાર્ય મિલિ સિંહ, કૅમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલ, ભગિની સંસ્થાઓનાં આચાર્ય ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઍસ જી સ્કૂલના શિક્ષક જયેશ શ્રીમાળી દ્વારા કરવામાં આવ્યું હતું.

**સમર્પણ મૂક-બધિર શાળા**

સરસ્વતી ઍજ્યુકેશન ઍન્ડ ચૅરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મૂક-બધિર શાળા, સૅક્ટર-૨૮ ખાતે સમાજસેવક જીલુભા ધાધલના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે અગ્રણી સમાજસેવક નિલેન્દુ વોરા તથા સમાજ સુરક્ષા ખાતાનો કર્મચારીગણ, સંસ્થાના સંચાલક વૈભવ જાની, ઉપપ્રમુખ ધર્મેશ ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા. શહીદોની યાદમાં અતિથિઓના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તથા સંસ્થાના દરેક બાળકને વૃક્ષના જતનની જવાબદારી સોંપવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે રમતગમત સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું અને વિજેતા વિદ્યાર્થીઓને ઇનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. સૅક્ટર-૨૪ વેપારી મંડળ દ્વારા વિદ્યાર્થીઓ માટે ભોજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

**સરસ્વતી વિદ્યાલય**

સ્વામી વિવેકાનંદ ઍજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે મહાનગરપાલિકા વૉર્ડ નં. ૭ના નગરસેવક હિરલબેન જોશીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું, જેમણે વિદ્યાર્થીઓને સંબોધન પણ કર્યું હતું. આ પ્રસંગે બાળકો દ્વારા દેશભક્તિ ગીતોનું ગાન કરવામાં આવ્યું હતું.

**ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ**

કૉલેજ ખાતે 'યાદ કરો કુરબાની' કાર્યક્રમ અંતર્ગત ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આગામી સ્પર્ધાઓની જાહેરાત પણ કરવામાં આવી હતી. આચાર્ય ડૉ. અમૃતાબેન પટેલ અને ઉપાચાર્ય ડૉ. પ્રણવ જોષીપુરા દ્વારા વિદ્યાર્થીનીઓને રાષ્ટ્રીય ભાવનાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું તથા તેમને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો બજાવવા અનુરોધ પણ કરવામાં આવ્યો હતો.

**યુનિવર્સિટી એન્ડ ઇન્સ્ટીટ્યુટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ**

યુઆઈએઆર, કોબા ખાતે વાઈસ ચાન્સેલર પ્રૉ. ગુના મગેસન દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહક પ્રવચન પણ આપવામાં આવ્યું હતું. ડૉ. આનંદ તિવારીએ ભારતની સિદ્ધિ વિશે તથા અથિરા પી કુમારે આભાર દર્શન કર્યું હતું.

**સિધ્ધાર્થ લો કોલેજ**

કૉલેજ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં વિદ્યાર્થીઓની મોટી હાજરી નોંધપાત્ર રહી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ધ્વજવંદન બાદ શૌર્યગીતોનું ગાન પણ કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. દિલીપ મેવાડાએ સ્વતંત્રતા દિવસનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. જસ્ટીસ ભૈરવિયાએ આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સંબોધન કર્યું હતું.

**ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ**

જીઆઈપીઍસ ખાતે સ્વતંત્રતા દિવસ પ્રસંગે શહીદોની કુરબાનીને યાદ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ, પ્રિન્સિપાલ, સ્ટાફ સાથે ટ્રસ્ટીગણ પણ આ ઉજવણીમાં જોડાયો હતો. વિદ્યાર્થીઓએ ભારતીય નાગરિકોના પરિવેશમાં સજ્જ થઈને દેશભક્તિ ગીતોનું ગાન કર્યું હતું. પ્રિન્સિપાલે પ્રોત્સાહક પ્રવચન આપ્યું હતું.

**સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૬**

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૬ ખાતે સ્થાનિક નગરસેવક રાકેશ પટેલ, લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના પ્રમુખ નિમેષ રાવલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અતિથિઓ તેમજ આચાર્ય ઈશ્વરભાઈ પટેલે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રોત્સાહક પ્રવચન આપ્યું હતું.

**સ્વામી વિવેકાનંદ સ્કૂલ**

સ્વામી વિવેકાનંદ સ્કૂલ, સૅક્ટર-૨૪ ખાતે નહેરુ યુવા કેન્દ્રના સહયોગથી સ્વતંત્રતા દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. યુવા દિશા કેન્દ્રના પ્રમુખ સંજીવ મહેતા, નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, પ્રેરણા વિદ્યાલયના પ્રિન્સિપાલ મનિષ ખત્રી, શાંતિનિકેતન સ્કૂલના ટ્રસ્ટી બિપીન રાવલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રસંગે રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

**સરકારી પ્રાથમિક શાળા, આદિવાડા**

આદિવાડા સરકારી પ્રાથમિક શાળા ખાતે ધ્વજવંદન ઉપરાંત શહેરના સર્જનાત્મક યુવાનો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ મનોરંજક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરસેવક હર્ષાબા ધાધલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.









**માઉન્ટ કાર્મેલ સ્કૂલ**

માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સૅક્ટર-૨૧ ખાતે ધ્વજવંદન કાર્યક્રમમાં ગાંધીનગરના તલાટી કમ મંત્રી રમણભાઈ ઍમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ધોરણ-૧૧ કૉમર્સની વિદ્યાર્થીની નીજા પટેલ દ્વારા પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ધોરણ-૯ની વિદ્યાર્થીની ફીયોના જીજોએ દેશભક્તિ ગીતનું ગાન કર્યું તથા વિદ્યાર્થીઓએ દેશભક્તિના સૂત્રોચ્ચાર કર્યા. કાર્યક્રમમાં

**મેજિક હેટ પ્રિસ્કૂલ**

મૅજિક હૅટ પ્રિસ્કૂલ, સૅક્ટર-૨૯ ખાતે સ્વતંત્રતા દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓની વેશભૂષા સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને દેશભક્તિ નૃત્યોનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે ૮૦૦ વિદ્યાર્થીઓ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી ઉત્સાહભર્યા વાતાવરણમાં કરવામાં આવી હતી.

# સી એમ હાઈસ્કૂલ ખાતે રક્ષાબંધન કાર્યક્રમ ઉજવાયો

## ભાઈ-બહેનના પવિત્ર તહેવારની ઉજવણીમાં ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા

ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી ઍમ હાઈસ્કૂલ ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે મંગળવારે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના આદ્યસ્થાપક પૂ. છગનભા, પૂ. દાસકાકા અને સ્વ. માણેકલાલ પટેલને યાદ કરવામાં આવ્યા હતા.

શાળાના આચાર્ય પ્રહલાદભાઈ ઍસ પટેલે સર્વ વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી અને વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક આર સી ગોસાઈએ બોધકથા દ્વારા રક્ષાબંધનનું મહત્ત્વ સમજાવ્યું હતું, ત્યારબાદ ધોરણ-૧૧ તેમજ ધોરણ-૧૨ની વિદ્યાર્થીનીઓ દ્વારા વિદ્યાર્થીઓને કુમ-કુમ, અક્ષતથી તિલક કરી રક્ષાનું બંધન કરવામાં આવ્યું હતું. ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ રક્ષાબંધન ગીત ગાયું હતું અને રક્ષાબંધન વિષયે વક્તવ્ય આપ્યું હતું.

તમામ વિદ્યાર્થીઓને અભ્યાસમાં તેજસ્વી થઈ શાળા તથા પોતાના કુટુંબનું સમાજમાં ઉન્નત સ્થાન બને તે માટેની પ્રતિજ્ઞા લાભુભાઈ દેસાઈ દ્વારા લેવડાવવામાં આવી હતી.

ધો. ૧૧, ૧૨ની વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાના તમામ કર્મચારીઓનું કુમકુમ, અક્ષતથી પૂજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન માધ્યમિક વિભાગનાં શિક્ષક ચેતના બુચ દ્વારા કરવામાં આવ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ ખાતે મંગળવારે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીઓના હાથમાં પરંપરાગત રીતે રાખડી બાંધી હતી અને વિદ્યાર્થીઓએ બહેનોને ચૉકલેટ દ્વારા મોં મીઠું કરાવ્યું હતું.

# આરાધના વિદ્યાવિહાર ખાતે વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૧૬

આરાધના વિદ્યાવિહાર, સૅક્ટર-૨૮ ખાતે ધોરણ-૯ અને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા શાળા પરિસરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. મૅનેજિંગ ટ્રસ્ટી રમણલાલ એ પટેલ, આચાર્ય વસંતભાઈ ડી પટેલ તથા માધ્યમિક વિભાગના સ્ટાફમિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિદ્યાર્થીઓ સાથે રહીને વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. શિક્ષકો દ્વારા વૃક્ષોના મહત્ત્વ તથા ઈકો ક્લબમાં જોડાવા અંગે પણ પ્રેરણા અપાઈ હતી.

# રાજ્યકક્ષાની રોલબૉલ સ્પર્ધામાં ઓમ લૅન્ડમાર્ક સ્કૂલ ચૅમ્પિયન



ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત રાજ્ય રોલબૉલ ઍસોસિએશનના ઉપક્રમે તાજેતરમાં રાજ્યના વડોદરા શહેર ખાતે રાજ્યકક્ષાની રોલબૉલ ટુર્નામૅન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોટા ચિલોડા, ગાંધીનગર ખાતે કાર્યરત ઓમ લૅન્ડમાર્ક સ્કૂલની ટીમે આ ટુર્નામૅન્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પ્રથમ ક્રમાંકનું વિજેતાપદ મેળવ્યું હતું અને રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પોતાની દાવેદારી સ્પષ્ટ કરી હતી. આ તમામ વિજેતા વિદ્યાર્થીઓને ટ્રસ્ટી તથા શાળા પરિવાર દ્વારા જાહેરમાં અભિવાદિત કરવામાં આવ્યા હતા તથા આગામી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પણ પાઠવવામાં આવી હતી.

# જી ઈ ક્લબ દ્વારા મનપામાં રક્ષાબંધનની ઉજવણી









નગરની સિનિયર કલા, સેવા સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા પ્રતિવર્ષની માફક આ વખતે પણ રક્ષાબંધનની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી. સંસ્થા પરિવારની બાળાઓ - રિયા અને નંદિની દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમૅન મનુભાઈ પટેલ, વિરોધપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, પત્રકાર કનુભાઈ દરજી ઉપરાંત મહાનગરપાલિકાના વર્ગ-૪ના કર્મચારીઓને પણ રક્ષા બાંધી તેમની સર્વાંગ ઉન્નતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.